## ➢ <u>ભારતનાં વિશ્વ-વિખ્યાત ઉદ્યાનો (Major Botanical Gardens of India) :</u>

**વનસ્પતિ ઉદ્યાનોનું ધ્યેય: રાષ્ટ્રની પ્રાકૃતિક સંપદાનું જતન કરવું**

એ પ્રત્યેક નાગરિકની ફરજ છે. વનસ્પતિ ઉદ્યાનોમાં દેશ-વિદેશની વિવિધ વનસ્પતિઓની ઉછેર થાય છે. તેને જીવંત સ્વરૂપે નિહાળી તેની વિવિધતા અને આશ્ચર્યકારકતાનો ખ્યાલ આવે છે. વનસ્પતિ ઉછેરવાની ભાવના જાગે છે. આમ ઉછેર અને આરક્ષણ થકી વનસંપદામાં વધારો કરી શકાય છે.

ઉદ્યાનોના નિર્માણથી વર્ગીકરણશાસ્ત્ર, બાહ્યાકારવિદ્યા, પુષ્પીય અને ફળની રચના અંગેની માહિતી મેળવી શકાય છે.

ઔષધમાં ઉપયોગી અને બીજી આર્થિક રીતે ઉપયોગી વનસ્પતિને ઉદ્યાનમાં ઉછેરી તેનાં બીજ દ્વારા કે કમ દ્વારા વધારે સંખ્યામાં ઉછેરી શકાય છે. આમ પ્રસારણની તક મળે છે.

બાગાયત વનસ્પત્તિની વિવિધ જાત કલમ, ક્લોનીંગ, ટીસ્યુ કલ્ચર વગેરે દ્વારા ઉત્પન્ન થઈ શકે છે. સંકરણની પ્રક્રિયા દ્વારા નવી જાતનું સર્જન થાય છે.

વનસ્પતિ ઉદ્યાનો અતિ અલ્પ વનસ્પતિ (rare plants) કે જૂજ પ્રમાણમાં મળી આવતી વનસ્પતિને બચાવી શકાય છે અને તેની સંખ્યામાં વધારો કરી શકાય છે. જીન્સ બેન્ક અને બિયારણ બેન્ક શરૂ કરી શકાય છે અને તેનો યોગ્ય સમયે અને સ્થળે ઉપયોગ કરી શકાય.

પરદેશી વનસ્પતિઓને તેનાં દેશનાં જેવું કૃત્રિમ વાતાવરણ બનાવી ઉછેરી શકાય છે. અનેક દેશોની નવી નવી વનસ્પતિઓ ઉદ્યાનો દ્વારા દેશમાં ઉછેરી શકાય છે.

વનસ્પતિ ઉદ્યાનો દ્વારા વખતો વખત ફૂલોનું પ્રદર્શન Flower Show Exhibition ફલાવર શોનું આયોજન કરી જનસમુદાયને આકર્ષિત કરી શકાય. તેથી તેઓ વધુ ને વધુ વનસ્પતિઓ ઉછેરવા પ્રેરાય. આમ જનજાગૃતિનું ઉમદા કાર્ય થઈ શકે છે.

આમ વનસ્પતિ ઉદ્યાનનાં નિર્માણનાં અનેક ધ્યેય અને પરિમાણ છે. અહીં દેશનાં જાણીતા વનસ્પતિ ઉદ્યાનો વિષે ટૂંકમાં માહિતી પ્રાપ્ત કરીશું.

વનસ્પતિશાસ્ત્રનાં અભ્યાસ અને સંશોધન માટે વનસ્પતિ ઉદ્યાન જરૂરી છે. જીવંત સ્વરૂપે ઉછેરાતી વિવિધ પ્રકારની વનસ્પતિનાં પ્રત્યક્ષ અવલોકન દ્વારા જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. પ્રાયોગિક અને હરબેરીયમ, મ્યુઝીયમનાં સમન્વય માટે, ભાગ્યેજ પ્રાપ્ત થતી, વિલુપ્ત પામતી, આશ્ચર્યકારક અને વિદેશી વનસ્પતિઓનું ઉછેર દ્વારા જતન કરી શકાય છે. ગ્લાસ હાઉસમાં અપ્રાપ્ય છોડ ઉછેરી તેને અનુરૂપ વાતાવરણમાં સ્થાનાંતર કરી શકાય છે.

વનસ્પતિ ઉદ્યાનના પ્રારંભ માટેની જરૂરિયાત: સામાન્ય પાર્ક કે મનોરંજનના બગીચા કરતાં વનસ્પતિ ઉદ્યાનો કંઈક અંશે જુદા પડે છે. તેને માટે નીચેની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

(1) ઉદ્યાન નિર્માણ માટે 100-175 હેક્ટર જમીનની જરૂર છે જેથી વ્યવસ્થિત આયોજન થઈ શકે.

(2) જમીન પૂરતા નીતારવાળી, સકાર્બનિક પદાર્થથી ભરપૂર રેતી-કાંકર વગરની, પૂરતા પ્રમાણમાં ગુરુ અને લઘુપોષકોથી ભરપૂર, ખારાશ વગરની હોવી જોઈએ.

(3) સિંચાઈની પૂરતી અને કાયમી સગવડ, પૂરતા પ્રમાણમાં માળી અને મજૂરો અને નાણાકીય સવલતો હોવી જરૂરી છે.

**વનસ્પતિ ઉદ્યાનમાં નીચે દર્શાવેલ વિભાગો આમેજ કરી શકાય.**

(A) **વર્ગીકરણ-ટેક્સોનોમી વિભાગ**: વનસ્પતિ ઉદ્યાનમાં શક્ય હોય તેટલી તમામ વનસ્પતિની ઓળખ, પ્રજાતિ-જાતિ, કુળ, મૂળવતન, ભૌગોલિક પ્રસારણ દર્શાવતા બોર્ડ હોવા જરૂરી છે. અભ્યાસ માટે કુળનાં ક્રમાંક પ્રમાણે ઉછેર કરવો જરૂરી છે. નમૂનાના કલેક્શનની પરવાનગી આપવી જરૂરી છે.

(B) **ઔષધકીય વિભાગ**: મેડીસીનલ પ્લાન્ટસનો ઉછેર, રોજબરોજ ઉપયોગમાં આવતી વનસ્પતિ અને દવામાં વપરાતી જાણીતી વનસ્પતિ આ વિભાગમાં રોપવામાં આવે છે.

(C) **જર્મ પ્લાઝમ એકત્રિતકરણ**: જીન્સ બેન્ક, બીજ બેન્ક, વર્ધી પ્રજનન માટે ઉપયોગી વનસ્પતિ અંગો વગેરે વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય તે માટેનો વિભાગ જરૂરી છે.

(D) વનસ્પતિ ઉદ્યાનમાં વૃક્ષાલય, ફર્નરી, ઓરકીડીયમ, કન્ઝરવેટરી, ગ્લાસ હાઉસ, કેકટસ હાઉસ, ઇન્ડોર અને સીઝનલ ઓરનામેન્ટલ પ્લાન્ટસ હોવા જરૂરી છે.

(E) ગાર્ડનમાં મ્યૂઝિયમ, હરબેરીયમ, નર્સરી, વહીવટી સંકુલ, થોડાક પ્રમાણમાં આનંદ પ્રમોદનાં સાધનો, વિશાળ ગ્રીન લોન, દ્વારા, કમાન, એક્વેરીયમ વગેરે સ્થાપી ઉદ્યાનને રાષ્ટ્રીય કક્ષાનો બનાવી શકાય.

અંગ્રેજ શાસન દરમ્યાન સ્થપાયેલા વનસ્પતિ ઉદ્યાનોમાં કલકત્તાનો ઇન્ડિયન બોટાનિકલ ગાર્ડન, દાર્જીલીંગનો લૉઈડ બોટાનિક ગાર્ડન, બેંગલોરનો લાલ બાગ, ઊટીનો ગર્વન્મેન્ટ બોટાનિકલ ગાર્ડન, કુન્નુરનો સીમ્સ પાર્ક, દહેરાદૂનનો ફોરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટનો ગાર્ડન ઉપરાંત શિલોંગ, સીમલા, મસુરી, શ્રીનગર, ચંડીગઢ તથા લખનૌ સ્થિત નેશનલ બોટાનિક ગાર્ડન્સ જાણીતા છે.

**1. ઇન્ડીયન બોટાનિક ગાર્ડન, હાવરા (Indian Botanical Garden, Howrah):**

કલકત્તાનાં હાવરા પાસે શિબપુરમાં આવેલો આ ઉદ્યાન પૂર્વ એશિયાનો સૌથી મોટો ગાર્ડન છે. તેની સ્થાપના ઈ. સ. 1787 માં બેફટન્ટ રોબર્ટ ક્યોંડ દ્વારા થઈ હતી. હૂગલી નદીનાં પૂર્વ કિનારે 112 હેક્ટરમાં પથરાયેલા આ ઉદ્યાનનો પ્રારંભ સર જ્યોર્જ કીંગે કર્યો હતો. આ ઉદ્યાનમાં જલજ વનસ્પતિનાં ઉછેર માટે સાડાબાર એકરમાં પાણી ભરેલું છે. આ ઉદ્યાન ઇસ્ટ ઇન્ડિયા કંપનીના તાબામા હતો તેથી તેને કંપની બાગ કહેતા. ત્યારબાદ કલકત્તા બાગ, રૉયલ બોટાનિક ગાર્ડન અને ઈ. સ. 1963 માં તેનો વહીવટ બોટાનિકલ સર્વેનાં હસ્તક આવતા ઇન્ડિયન બોટાનિક ગાર્ડન તરીકે ખ્યાતનામ બન્યો છે. આ ઉદ્યાનને 25 વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. અહીં 15000 કરતાં વધુ વૃક્ષ, ક્ષુપ છોડ અને વેલાઓ

જીવંત સ્વરૂપે ઉછેરાયા છે. અહીં 2350 જાતિની વનસ્પતિઓ ઉપર ઓળખ લેબલ લગાવેલા છે. પાંચ ગ્લાસ હાઉસ, ગ્રીન હાઉસ, ફર્નરી, ઓરકીડીયમ, કેકટસ-હાઉસ આવેલા છે. બાંબુની 26 જાતી, બોગેનવેલની 148 જાત, સાયટ્રસ-જાસ્મીનની 25 જાત, પામ્સ-તાડની 109 જાતિ, 100 કરતાં વધુ જાતિનાં રોક પ્લાન્ટસ ઉછેરાયા છે. અહીંના કૃત્રિમ તળાવમાં ઉછેરાતું જાયન્ટ વૉટર-લીલી વિક્ટોરીયા રીજીઆ કે જેનાં પર્ણનો પરિઘ 4-6 ફીટ જેટલો છે તે પ્રવાસીનું ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત વિરાટ કાયનું વટવૃક્ષ ફાયકસ બેંગાલેનસીસ જે 230 વર્ષ જૂનું, 1825 જેટલા સ્તંભ મૂળ ધરાવતું અને દોઢ હેક્ટરમાં પથરાયેલું છે. અત્રેનાં ઓરકીડીયમમાં 32 પ્રજાતિ અને 1500 જાતિનાં ઓરકીડ ઉછેરાયા છે. જેમાં સીમ્બીડીયમ, ડેન્ડ્રોબીયમ, એપીડેન્ડ્રમ, કેટેલીઆ, સારકેન્થસ, વન્ડા, વેનીલા મુખ્ય છે. હીબીસ્કસની મોટા ભાગની જાતિ, સીનેમોમમ, મીરીસ્ટીકા, ફેગરાન્સ (જાયફળ), હાયફીની, ફાયકસ ક્રીશ્ના, કોરોપીટા, રેવેનેલા, લોડોઇસીયા, ડબલ કોકોનટ, આરટોકારપસ,  કોમ્યુનીસ બ્રેડ ફ્રુટ ટ્રી, ટીરીગોટા અલાટા- મેડટ્રી, થીઓબ્રોમા કેકો, કોફીઆ રોબસ્ટા અને ઇરીથ્રોઝાયલોન કોકા (કોકેન) વગેરે ધ્યાન ખેંચે છે.

ઉદ્યાન સ્થિત નેશનલ હરબેરીયમમાં અઢી લાખ જેટલા શુષ્ક નમૂના સંગ્રહાયેલા છે. અહીંનું સમૃદ્ધ પુસ્તકાલય-એક લાખ કરતાં વધુ પુસ્તકો, જર્નલ્સ, ચિત્રો, ફોટોગ્રાફસથી ભરપૂર છે. હાલ આ બગીચાનો વહીવટ મીનીસ્ટ્રી ઑફ એનવાયરોમેન્ટ અને ફોરેસ્ટ કરે છે. આ સંસ્થામાંથી પ્રાદેશિક ફલોરા અને વનસ્પતિને લગતા સંશોધનપત્રો પ્રકાશિત થાય છે. હાલ ફલોરા ઑફ ઇન્ડિયાનું પ્રકાશન શરૂ થયું છે તેનાં ઘણાં ફેસીકલ્સ પ્રકાશિત થયા છે. સમગ્ર એશિયામાં આ ઉદ્યાન પ્રથમ ક્રમનું સ્થાન ધરાવે છે.

**2. નેશનલ બોટાનિકલ ગાર્ડન- લખનૌ (National Botanical Garden (NBRI) - Lucknow):**

લખનઉ આવેલ આ ઉદ્યાન અને સંસ્થાનની સ્થાપના બોટાનિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવી છે. તેનું સંચાલન કાઉન્સિલ ઓફ સાયન્ટીફિક અને ઇન્ડસ્ટ્રીયલ રીસર્ચ (CSIR) કરે છે. આની સ્થાપના ઈ. સ. 1953માં થઈ હતી. અહીં મુખ્યત્વે ટ્રોપિકલ, નોન-એગ્રીકલ્ચરર, ઇકોનોમીકલી તથા મેડીસીનલી અગત્યતા ધરાવતી વનસ્પતિનો ઉછેર, સંવર્ધન અને તેઓની ફાયટોકેમેસ્ટ્રી ઉપર અભ્યાસ અને સંશોધન થાય છે. અહીં સ્થાપેલ આરબોરેટમ, રોઝેરીયમ, કન્ઝરવેંટરી, કેકટસ હાઉસ, પામ હાઉસ, ગ્લાસ હાઉસમાં અસંખ્ય વનસ્પતિને ઉછેરી છે. અનેક જાતિનાં ગુલાબ, કેના, હીબીસ્કસ, ગ્લેડીયોલસ, ક્રાયસેન્થેમમ્, કેલીસ્ટેમોન, બોગનવલીયા, ફીલોડેન્ડ્રોન, મેરેન્ટા, એરીથ્રીના, કોલીયસ, ક્રોટોન, એકેલીફા અને જાસ્મીન તથા પેન્ડેનસ ઉછેરાયા છે. એરોઈડીસનું સમૃદ્ધ કલેકશન છે. અહીંના હરબૈરીયમમાં 90 હજાર નમૂનાઓ, પુસ્તકાલય 34 હજાર પુસ્તકો અને 15000 જેટલી રીપ્રીન્ટસ, જર્નલ્સ વગેરેથી સમૃદ્ધ છે.

3. **લૉઈડ બોટાનિક ગાર્ડન-દાર્જીલીંગ (Lloyd Botanic Garden Darjeeling):**

આ ઉદ્યાનની સ્થાપના ઈ. સ. 1878માં થઈ હતી. દાર્જીલીંગના સૌથી વૃદ્ધ અને જાણીતા પ્રાકૃતિકવિદ્ લૉઈડના નામ ઉપરથી આ બગીચો ઓળખાય છે. 17 હેક્ટર માં પથરાયેલા આ વિશાળ ઉદ્યાન 6000 ફૂટની ઊંચાઈએ ઢોળાવવાળી જમીનમાં પર્વતોની વચ્ચે આવેલો છે. જેનો વિકાસ કલકત્તાના ઉદ્યાનમાં પૂરક તરીકે કરાયો હતો. અહીં સિક્કિમ અને હિમાલય સ્થિત અનેક વનસ્પતિઓ જીવંત સ્વરૂપે જોવા મળે છે. ધ્યાન ખેંચે તેવી વનસ્પતિઓમાં લીવીંગ ફોસીલ તરીકે જાણીતું મેટાસીક્વોઈઆ અને જીન્કો બાયલોબા જીવંત સ્વરૂપે જોવા મળે છે. આ ઉપરાંત ક્રીપ્ટોમેરીઆ, જ્યૂનીપેરસ, પોડોકારપસ એગાથીસ, ઓરોકેરીઆ, ક્યુપ્રેસસ, ટેક્સસ, સીડ્રસ, પાયનસ જેવાં કોનીફર્સ, રોડોડેન્ડ્રોન, મેગ્નોલીઆ, બેટ્યુંલા, બુકલેન્ડિયા, આલનસ, એસર, ક્વેરક્સ જેવા દુર્લભ વૃક્ષો અને એઝેલીઆ, જીરાનીયમ, પ્રીમ્યુલા, સ્ટ્રીલીટઝીઆ, સેક્સીફેગા, રેનનક્યુંલસ, સેલીક્ષ, પ્રુનસ, કેમેલીઆ, ડેફોડીલ્સ, આઈરીશ લીલીનું જીવંત કલેક્શન છે. અહીંનું ઓરકીડીયમ 2000 કરતાં વધારે જીવંત ઓરકીડ્સનો સંગ્રહ ધરાવે છે. જેમાં લેડીસ સ્લીપર, વેનીલા, સીમ્બીડીયમ, સીપ્રીપીડયમ, હેબીનેરીઆ, સ્પેથોગ્લોટીસ, બટનઓરકીસની અનેક જાતો, લાયકોપોડીયમ, બોટ્રીશિયમ, લાયગોડીયમ, હાયમેનોફાયલમ, રેગ્નીલીડીયમ જેવા અપ્રાપ્ય ફર્નસ, અમેરિકન સાગ તરીકે જાણીતું લીરીયોડેન્ડ્રોન, ભોજપત્ર વૃક્ષ બેટ્યુલા યુટીલીસ, એગાપેન્થસ, હિમાલયન પામ ટ્રેચીકારપસ, કનીંગ હેમીઆ, સાલ્વીઆ, પેલારગોનીયમ, હિમાલયન એરોઈડ્સ જીવંત સ્વરૂપે ઉછેરાયા છે. અહીંના હરબેરીયમમાં મોટાભાગની પૂર્વ-હિમાલયન વનસ્પતિઓનાં શુષ્ક નમૂનાઓનું કલેકશન કરાયું છે.

**4. લાલબાગ-ગાર્ડન્સ બેંગલોર (Lalbagh Gardens Bangalore):**

બેંગલોર સ્થિત અને કર્ણાટક હોર્ટીકલ્ચર વિભાગ દ્વારા સંચાલિત આ ઉદ્યાનનું નામકરણ ઇ. સ. 1760 માં હૈદરઅલીએ કર્યું હતું. 100 હેક્ટરમાં પથરાયેલો આ વિશાળ બાગમાં 1854 જેટલી વિવિધ વનસ્પતિઓ ઉછેરાઈ છે. અહીં 890 જાતિની બાગાયત જાતો રોપવામાં આવી છે. બોગનવેલ, જાસ્મીનનું રીચ કલેક્શન છે. વિશાળ કદનાં અને ખૂબ ઊંચા ઓરોકેરીઆ ફૂકી વૃક્ષો કે જેની ઊંચાઈ 35-40 મીટર છે. થડનો ઘેરાવો 10 મીટર છે. વિશાળ કદનાં ઊંચા યુકેલીપ્ટસ, એગેથીસ, રોબસ્ટા, ફાયક્સ ક્રીશ્ના, કોલવીલીઆ, ગોઝુઆ, ગ્વાએકમ, પ્ટેરોસ્પર્મમ, એમહર્શીયા, બોમ્બેક્ષ સીઈબા, બ્રાઉનીઆ મુખ્ય છે. અહીંનું વિશાળ કદનું ગ્રીન હાઉસ, ગ્લાસ હાઉસ, ફલોરલ ક્લોક, સુંદર હેજીસ, ફુવારા, આર્ચીસ (કમાનો) વગેરે ધ્યાન ખેંચે છે. અત્રેનું સ્ટેચ્યુ ગાર્ડન, જાપાનીઝ ગાર્ડન, સેન્ટેનરી ગાર્ડન, હરબરીયમ અને સમૃદ્ધ પુસ્તકાલય આવેલું છે.

બેંગલોરમાં હાઈકોર્ટ અને વિધાનસભાની પાસે આવેલા રાજેન્દ્ર પાર્ક - કબંગ પાર્ક (Cubbon Park) પણ જાણીતો ઉદ્યાન છે. જેમા ઓરોકેરીઆની વિવિધ જાત, ફાયક્સ, બેંજામીના, ટેબેબુઆ, લેજરસ્ટ્રોમીઆ, સ્વેટાનીઆ, સામનીઆ, ડેલોનીક્ષ, ગ્લીરીસીડીયા, જેકેરેન્ડા, સ્પેથોડીયા,

મીલીંગટોનીઆ, કોરોપીટા, ગ્રેવેલીઆ આકર્ષક છે. સીઝનલ ઓરનામેન્ટલ અને સુંદર તેજ શોભા વધારે છે.

**5. બોટાનીકલ ગાર્ડન- દહેરાદૂન (Botanical Garden -Dehradun):**

બોટાનિકલ સર્વે ઑફ ઇન્ડિયા અને ફોરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટનાં ઉપક્રમે સ્થપાયેલો આ ઉદ્યાન અનાવૃત બીજધારી, બામ્બુસ, ટીમ્બર્સ પ્લાન્ટસ અને આર્થિક રીતે ઉપયોગી વનસ્પતિનાં ઉછેર માટે ખ્યાતનામ છે. અહીં ક્યુપ્રેસસ, જ્યુનીપેરસ, ટેક્સસ, એગાથીસ, ઓરોકેરીયા, પાયનસ, સીડ્રસ, પોડોકારપસ, જીન્કો જીવંત સ્વરૂપે ઉછેરાયા છે. આ ઉપરાંત બેટ્યુલા, સેલીક્ષ, મેલાસ્ટોમા, રોડોડેન્ડ્રોન, ક્વેરક્સ, પ્રુનસ ધ્યાન ખેંચે છે. ફર્નસ જાતજાતનાં વાંસ-બામ્બસ, બરબેરીસ, એકોનીટમ, રાઉલ્ફીઆ વગેરે ધ્યાન ખેંચે છે. જૂજ સંખ્યામાં ઓરકીડ્સ, સક્યુલન્ટસ, કેકરાઈ પણ ઉછેરાયા છે. અહીંનું મ્યુઝિયમ શ્રેષ્ઠ છે. હરબેરીયમ અને વનસ્પતિશાસ્ત્રની તમામ શાખાઓમાં અભ્યાસ અને સંશોધન માટેની ઉત્તમ પ્રયગોશાળા અને સમૃદ્ધ લાયબ્રેરી છે. લાકડાનું વર્કશોપ તથા ફોરેસ્ટ ઓફિસર્સની ટ્રેનીંગ કૉલેજ સમગ્ર એશિયામાં જાણીતી છે.

**6. ગર્વમેન્ટ બોટાનિકલ ગાર્ડન-ઊટી અને સીમ્સ પાર્ક કૂનૂર (Government Botanical Gardens Ooty and Sim's Park Coonoor):**

તમીલનાડુનાં હીલ સ્ટેશન નિલગીરી જિલ્લામાં આ બન્ને ઉદ્યાનો આવેલા છે. ઊટીનો ઉદ્યાન 1947 માં અને સીમ્સ પાર્ક 1874 માં સ્થપાયો. આ બન્ને ઉધાનો એકમેકનાં પૂરક છે. આ બન્ને ઉદ્યાનોનું સંચાલન તામિલનાડુ રાજ્યના ડાયરેક્ટર ઓફ હોર્ટીકલ્ચર અને પ્લાન્ટેશન ઓફ ક્રોપ્સ કરે છે. ઊટીનો ઉદ્યાન સુંદર ટેકરીઓનાં ઢોળાવ ઉપર 5000 ફૂટની ઊંચાઈએ જયારે તેનાથી 20 કિ.મી. દૂર સીમ્સ પાર્ક 4000 ફૂટની ઊંચાઈએ આવેલો છે. સીમ્સ પાર્કમાં મુખ્યત્વે વૃક્ષ, ક્ષુપ વેલાઓનો ઉછેર કરવામાં આવે છે જયારે ઊટીમાં 152 કુળની 571 પ્રજાતિ, 1034 જાતિ ઉછેરાઈ છે. મોટા ભાગની આવૃત બીજધારી ક્યુપ્રેસસ,જ્યૂનીપેરસ, બાયોટા, થૂજા, થૂજોપ્સીસ, ટેક્સસ, સાયકસ, પોડોકારપસ, ક્રીપ્ટોમેરીઆ, સીદ્રસ, પાયનસ, સાયકસ ઉપરાંત યુકેલીપ્ટસની વિવિધ જાતિ, કેલીસ્ટેમોન, એકેશીઆ, ગ્રેવેલીઆ, એસર, બુખલેન્ડીઆ તથા યુજેનીઆ, સોરજોનીયા, પીટોસ્પોરા, ડીલીનીયા, ક્વોશીયા, જેકેરેન્ડા, રોડોડેન્ડ્રોન, એબ્યુટીલોન, બેન્કશીઆ, બરબેરીસ આરબ્યુટસ વગેરે મુખ્ય છે. કૂનૂરમાં ટ્રી-ફર્નસનો જીવંત સ્વરૂપે ઉછેર કરાયો છે જેમાં એંજીયોપ્ટેરીસ, આલ્સોફીલા, સાએથીઆ, એસપ્લીનીયમ મુખ્ય છે. ઉપયોગી ફર્નસ તરીકે એડીએન્ટમ, બ્લેકનમ, લાયગોડીયમ, એનીમીઆ, ટેરીસ, પ્લીઓપેલટીસ, ડેવેલીઆ, ડાયક્રોનોપ્ટેરીસ, નેફ્રોડીયમ, ગ્લાયકેનીઆ, પ્લેટીસીરીયમ વગેરે વિપુલ પ્રમાણમાં છે. આ બન્ને ઉધાનોમાં પિકનિક સ્પોટ અને વિશાળ લોન આવેલી છે. ફર્નરીમાં 127 જાતિનાં ફર્નેસ અને ગ્લાસ હાઉસમાં 120 જાતિનાં ઓરકીડ્સ ઉછેરાયા છે. બન્ને ઉદ્યાનમાં વિદ્યાર્થીઓ માટે કલેક્શનની વ્યવસ્થા છે. આ ઉપરાંત છોડ, ગાંઠ, કંદ, બીજ વેચાતા મળે છે.

- **ગુજરાતના વનસ્પતિ ઉદ્યાનો:**

ગુજરાત રાજ્ય સંચાલિત ફક્ત એક જ વનસ્પતિ ઉદ્યાન ડાંગ જિલ્લાના વઘઈ મુકામે આવેલો છે. જેને બોટાનિકલ ગાર્ડન વઘઇ તરીકે ઓળખવામાં આવે છે. આશરે 30 હેક્ટરમાં પથરાયેલો ઉદ્યાન પર્વતની પ્રાકૃતિક સુંદરતાથી ભરપૂર છે. ડાંગ જિલ્લામાંથી પ્રાપ્ત થતી મોટા ભાગની વનસ્પતિ અહીં ઉછેરાઈ છે. 1800 જેટલી આ જીવંત વનસ્પતિઓમાં 800 જેટલા વૃક્ષ અને ક્ષુપ અને વિવિધ પ્રકારના વેલાઓ અને છોડ જોવા મળે છે. બગીચામાં અસંખ્ય વક્ષો ઉછેરાયા છે. જેમાં ટેક્ટોના, ટરમીનાલીઆ, એનોગેસસ, મોરીન્ડા, ડાલબર્જીયા, મીલીંગટોનીઆ, કોર્ડીઆ, ગ્રેવેલીઆ, ગેરૂગા, ટ્રેમા, મલાયના, કેશીઆ, હોલોપ્ટીલીઆ, મીટ્રાગાયના, સ્ટેથોડીઆ, કાયજેલીઆ, જેકેરેન્ડા, ડોલીકેન્ડ્રોન, કેલોફાયલમ ધ્યાન ખેંચે છે. આ ઉદ્યાનમાં અનેક આરોહી અને વળવેલ-વેલાઓ જેવી કે પેટ્રીયા, એગનોસ્મા, ક્વીસકેલીસ, વેલેરીસ, કોમ્બ્રેટમ, હીપ્ટેજ, ડાયાસ્કોરીઆ, આરજેરીઆ, બોહીનીઆ, બીગ્નોનીઆ, રીવીઆ, જવેકીમોનશીઆ, આઈપોમીઆ ક્વેમોકલીટ, એન્ટીગોનોન, સ્માઈલેક્ષ, આકર્ષક અને સુશોભિત છે. હોલમ્સકયોલ્ડીઆ, (કપ સોસર), બાઉગેનવેલીઆની અનેક જાતો, ક્લેમેટીસ, જાસ્મીન, એસ્પેરેગશ, ગ્લોરીઓસા મુખ્ય છે. અહીં નાનો પાયે મેડીસીનલ પ્લાન્ટસનો ઉછેર કરાયો છે. જેમાં રાઉલફીઆ સર્પેન્ટીના, વીધાનીઆ, એલોઈ, હાઈડ્રોકોટાઈલ, એધાટોડા, સીલાસ્ટ્રસ, જીમ્નીઆ, એબ્રસ, એસ્પેરેગસ, ડાયોસ્પાઈરસ, બારલેરીઆ, ઓસીમમ, મેન્થા, ટીનોસ્પોરા, આલસ્ટોનીઆ, હોલોરીના મુખ્ય છે. અહીં ગ્રીન હાઉસ, થોડીક સંખ્યામાં ફર્નસ, સક્યુલન્ટ પ્લાન્ટસ, ડ્રેસીના, ડેફેનબેકીઆ તથા વિવિધ જાતિનાં વાંસ અને બામ્બુસનો ઉછેર કરવામાં આવ્યો છે.

રાજ્યમાં ગાંધીનગર, અમદાવાદ, સરદાર પટેલ યુનિ. વિદ્યાનગર, એમ. એસ. યુનિ. વડોદરા અને જામનગર આયુર્વેદિક યુનિ.નાં ઉદ્યાનો થોડાક પ્રમાણમાં વનસ્પતિ ઉછેરે છે. એમ. એસ. યુનિ.નાં ઉદ્યાનમાં સ્ટ્રીકનસ, બીક્ષા, યુકા, ટેક્સસ, ક્વોશીઆ, સરાકા, હાર્ડવીકીઆ, સેસબાનીયા, લાયનમ, રેસીડા, વાયોલા, ટ્રોપીયોલમ, સ્ટક્યુલીઆ, ગોઝુમા, કીડીઆ, ટેમેરીક્ષ, હાયફીની, એરીકા, બુડલીઆ, ડાયોસ્પાઈરસ, ડેરીસ સ્કેન્ડ્સ, સ્માઈલેક્ષ, ક્લેમેટીસ, ફર્નસ, ઇન્ડોર પ્લાન્ટસ, એક્વેટિક પ્લાન્ટસ વગેરેનું સમૃદ્ધ કલેક્શન છે. રાજ્યની કેટલીક કોલેજોમાં નાના મોટા ઉધાનો છે. જેમાં પી. ટી. સાયંસ, સુરત, એમ. જી. સાયન્સ અમદાવાદ, બી. કે. સાયન્સ વલસાડ, ગોધરા, ભાવનગર, ખંભાત, મોડાસા મોખરે છે.